# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/274 Dt. 29/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા આંખના આરોગ્ય પર માહિતીપ્રદ સેમિનાર યોજાયો

### ડૉ. નીરવ શાહે ચશ્માના નંબર ઉતારવાની નવીનતમ સર્જરીઓ અને ડૉ. અંકુ રાજાએ મોતિયા અને ગ્લોકોમાની અદ્યતન સર્જરીઓ વિશે માર્ગદર્શન આપ્યું

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત આંખના આરોગ્ય અને નવીનતમ સારવારો પર આધારિત એક જાગૃતિ સેમિનારનું આયોજન રવિવાર, તા. 28 ડિસેમ્બરે સમૃદ્ધિ, નાનપુરા ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના બે અગ્રણી આંખના નિષ્ણાતોએ ચશ્મામુક્ત આંખોથી લઈને આંખની અદ્યતન સારવાર અને સર્જરીઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કાવ્યાત્મક સ્વાગત સંબોધનમાં કહ્યું કે હેલ્થ સિરીઝનો આ 25મો મણકો છે. દ્રષ્ટિ સુખ સૌથી મહત્વનું છે અને સરેરાશ આયુષ્ય વધવાથી આંખની સમસ્યાઓ પણ વધવાની છે.

મોતિયા અને રિફ્રેક્ટિવ સર્જન ડૉ. નીરવ શાહે ચશ્માના નંબર ઉતારવાની નવી રિફ્રેક્ટિવ સર્જરીઓ વિશે સમજાવતા કહ્યું કે, 20-21 વર્ષની ઉંમર થઈ હોય અને નંબર સ્થિર થઈ ગયા હોય તો એ સર્જરી કરી શકાય છે. તેમણે આ સર્જરીઓના પાંચ પ્રકાર વિશે સમજાવતા કહ્યું કે, રિફ્રેક્ટિવ સર્જરીમાં કીકીના પાવર પર કામ કરવામાં

આવે છે. મોતિયાની સર્જરીમાં પણ મલ્ટીફોકલ લેન્સથી નજીક અને દૂરના એમ બંને નંબર ઉતરી શકે છે. તેમણે બ્લુ લાઈટ બ્લોકરને મોટું માર્કેટિંગ સ્કેમ ગણાવ્યું હતું અને ચશ્મા, મોતિયાની સર્જરી વિશે પણ માર્ગદર્શન આપ્યું હતું.

મોતિયા અને ગ્લૉકોમા સર્જન ડૉ. અંકુ રાજાએ જણાવ્યું હતું કે, ગ્લૉકોમા એટલે ઝામર. તેનાથી અંધાપો આવી શકે છે. ચશ્માના વધુ નંબર, ફેમિલી હિસ્ટ્રી, વ્યસન, સ્ટીરોઇડનો ઉપયોગ, આંખનું વધુ પ્રેસર અને ડાયાબિટિસમાં ઝામર થવાનું જોખમ વધારે છે. ઝામર બે પ્રકારના હોય છે. વિઝન બચાવવા તેનું વહેલું નિદાન ખૂબ જરૂરી છે. હવે એવાં ટીપાં આવ્યાં છે જેમાં આંખ લાલ થવાના ચાન્સ ઓછા છે. સર્જરીમાં અત્યાર સુધી નવી ડ્રેન બનાવવી એ જ એક રીત હતી, હવે મિનિમલ ઈન્વેસિવ સર્જરી આવી છે અને તેના પણ વિવિધ પ્રકાર છે. તેમાં આઈ-સ્ટેન્ટ ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે. મોતિયાના ઓપરેશન વિશે તેમણે કહ્યું કે ફેકોમાં નવી ટેકનિક્સ આવી ગઈ છે, લેન્સીસ નવા આવવા લાગ્યા છે. મોતિયાની સર્જરીમાં લેન્સ નક્કી કરવા ખૂબ મહત્વપૂર્ણ છે.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. જગદીશ વઘાસિયાએ કાર્યક્રમ વિશે વિગતવાર માહિતી આપી હતી. કમિટીના સભ્ય ડૉ. શાલિની હલવાવાલાએ વક્તાઓનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમમાં પ્રશ્નોત્તરી સત્ર પણ રાખવામાં આવ્યું હતું, જેમાં હાજર લોકોએ વક્તાઓ પાસેથી આંખના આરોગ્ય સંબંધિત પ્રશ્નોના જવાબો મેળવ્યા હતા.